ક્રમાંક:રાપબો/જ્ઞા.સ.સ્કો.પરીક્ષા/૨૦૨૪/૮૧૩૦-૮૨૨૨

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૦૩/૧૦/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી,તમામ

વિષય: "મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ" પરીક્ષાની તારીખ જાહેર કરવા બાબત.
સંદર્ભ :- શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૦૭/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંકઃ ED/ MSM/E-File/2023/0079/CHH

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભના શિક્ષણ વિભાગના ઠરાવ અન્વયે ગુજરાત રાજયના 25000 તેજસ્વી વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના (ધોરણ-૯ થી ૧૨ માટે)ની યોજના બહાર પાડેલ છે. આ યોજના અંતર્ગત શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ માટે મુખ્યમંત્રીશ્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૨૯/૦૩/૨૦૨૫ના રોજ યોજાનાર છે.

જેમાં (અ) ધોરણ-૧ થી ૮નો અભ્યાસ સરકારી કે ગ્રાન્ટેડ શાળાઓમાં કરેલ હોય અને હાલ ધોરણ-૮નો અભ્યાસ કરતા તેમજ (બ) RTE ACT -2009 તેમજ તે હેઠળ રચાયેલા બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો ૨૦૧૨ અન્વયે ૬ થી ૧૪ વર્ષના નબળા વર્ગોના અને વંચિત જૂથના બાળકોને સ્વનિર્ભર શાળાઓમાં વર્ગની સંખ્યાના ૨૫%ની મર્યાદામાં મફત શિક્ષણની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૧માં પ્રવેશ મેળવી ધોરણ-૮સુધીનો સળંગ અભ્યાસ કરનાર વિદ્યાર્થી જે હાલ ધોરણ-૮માં અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થી આ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા આપી શકશે.

આપની કક્ષાએથી આપના કાર્યક્ષેત્ર હસ્તકની સર્વે શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને આ પરીક્ષા અંગેની જાણ કરવાનું જણાવવામાં આવે છે. આ પરીક્ષાનું વિગતવાર જાહેરનામું બોર્ડની વેબસાઈટ http://www.sebexam.org પર પ્રસિધ્ધ કરવામાં આવશે. તદઉપરાંત છેલ્લા ૨(બે) વર્ષમાં લેવાયેલ (CGMS)ના વર્ષવાર અને માધ્યમવાર પ્રશ્નપત્રોની PDF ફાઇલો રાજય પરીક્ષા બોર્ડની વેબસાઇટ http://www.sebexam.org પર વિદ્યાર્થીઓને મહાવરો થાય તે સબબ મુકવામાં આવેલ છે. જેની નોંધ લેવી.

વધુમાં જણાવવાનું કે, આગામી વર્ષે લેવાનાર મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (CGMS) ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે ગત્ વર્ષની જેમ શૈક્ષણિક વિડીયોનું પ્રસારણ વિદ્યા સમીક્ષા કેન્દ્ર, (VSK) ના સ્ટુડિયો દ્વારા બાયસેગ નેટવર્કના માધ્યમથી નીચેની ચેનલ પર પ્રસારણ કરવામાં આવશે. જેની તારીખ અને સમયની જાણ અલાયદી કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- 5845
તારીખ :- 4/10
શાખા :-
સહી :-
04/10/24

1. વંદે ગુજરાત ચેનલ નંબર-૫ (બાયસેગ ડીશ અથવા JIO TV)
2. યુ ટયુબ ચેનલ (લાઇવ) GujaratEclass

<u>મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ (CGMS) પરીક્ષાની પૂર્વતૈયારીથી થનાર ફાયદાઓ:-</u>

- આ પરીક્ષામાં મેરીટમાં આવતા ૨૫૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને (ધોરણ-૯ થી ૧૨ અભ્યાસ માટે) સ્કોલરશીપનો લાભ મળશે.
- ધોરણ-૮ના તમામ બાળકો પણ આ પરીક્ષાની તૈયારી કરશે તેથી તેમની પણ શૈક્ષણિક પ્રગતિ થશે અને વિષયવાઈઝ લર્નિંગ આઉટકમ એચિવ કરશે.
- આ પરીક્ષાની તૈયારીથી તેમનામાં સ્પર્ધાત્મક પરીક્ષા માટેનો મહાવરો થશે.
- ભવિષ્યમાં બોર્ડની પરીક્ષા પણ આત્મવિશ્વાસ સાથે આપી શકશે.
- HOT (હાયર ઓર્ડર થીકીંગ) પ્રકારના પ્રશ્નો વિદ્યાર્થીઓની તાર્કિક ક્ષમતામાં વધારો કરશે.

આપને વિનંતી છે કે દરેક શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકમિત્રોના પ્રયત્નોથી વધારેમાં વધારે વિદ્યાર્થીઓ જોડાય તે સુનિશ્ચિત કરશો.

આપના જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો સહયોગ લઈ એક અલગ પ્રકારનું આયોજન થાય તે અપેક્ષિત છે.

<u>આ પરીક્ષાનું માળખું નીચે મુજબ રહેશે.</u>

આ પરીક્ષા બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (MCQ Based) રહેશે. આ પરીક્ષાનું પ્રશ્નપત્ર ૧૨૦ ગુણનું તથા સમય ૧૫૦ મિનિટનો રહેશે. પરીક્ષાનું માધ્યમ ગુજરાતી/અંગ્રેજી ભાષામાં રહેશે. પરીક્ષામાં નીચે મુજબના વિષય તથા ગુણભાર રહેશે.

| કસોટીનો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| (૧) MAT બૌધ્ધિક યોગ્યતા કસોટી | ૪૦ | ૪૦ | ૧૫૦ મિનિટ |
| (૨) SAT શૈક્ષણિક યોગ્યતા કસોટી | ૮૦ | ૮૦ | |

અભ્યાસક્રમ:

- MAT બૌધ્ધિક યોગ્યતા કસોટીના ૪૦ પ્રશ્નો શાબ્દીક અને અશાબ્દીક તાર્કીક ગણતરીના રહેશે. આ પ્રશ્નોમાં સાદ્રશ્ય (Analogy), વર્ગીકરણ (Classification), સંખ્યાત્મક શ્રેણી (Numerical Series),પેટર્ન (Pattern Perception) , છુપાયેલી આકૃતિ (Hidden Figure) વિષય આધારિત પ્રશ્નો રહેશે.
- SAT શૈક્ષણિક યોગ્યતા કસોટીના ૮૦ પ્રશ્નોમાં ધોરણ-૮ ના ગણિત-૨૦ ગુણ, વિજ્ઞાન-૨૦ ગુણ અને સામાજિક વિજ્ઞાન-૧૫ ગુણ, અંગ્રેજી-૧૦ ગુણ, ગુજરાતી-૧૦, હિન્દી-૫ ગુણ વિષયનો સમાવેશ થશે.
- અભ્યાસક્રમ ધોરણ-૮ નો ઉપરોક્ત વિષયનો રહેશે.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

બિડાણઃ- વર્ષવાર/માધ્યમવાર પ્રશ્નપત્રો

નકલ સવિનય રવાના જાણ સારૂં

- માન.અગ્ર સચિવશ્રી, (પ્રા.મા.શિક્ષણ) શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુ.રા.,ગાંધીનગર.